વિદ્યાર્થીઓની વાંચન-ગણિત-વિજ્ઞાનને લગતી એબિલિટીઝના

ઈન્ટરનેશનલ લેવલના એસેસમેન્ટ માટે PISA બેઈઝ્ડ ટેસ્ટ ફોર સ્કૂલ્સ યોજાશે

આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ સંસ્થા ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ OECD સાથે એગ્રીમેન્ટ કરનારૂં દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત

ગુજરાતની ૨૦ હજાર જેટલી સરકારી શાળાઓમાં અદ્યતન ફિઝીકલ, ડિઝીટલ અને લર્નીંગ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન દ્વારા દેશના સૌથી મોટા સર્વગ્રાહી શાળાકીય શિક્ષણ મિશન 'મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ'નો વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી સફળતાપૂર્વક અમલ થઇ રહ્યો છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ સંસ્થા ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ OECD સાથે ગાંધીનગરમાં એગ્રીમેન્ટ-કરાર કર્યા છે. આ સંસ્થા OECD દ્વારા વિશ્વભરમાં PISA-પ્રોગ્રામ ફોર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ એસેસમેન્ટનું આયોજન કરવામાં આવે છે. ૧૫ વર્ષથી વધુ વયના વિદ્યાર્થીઓના ક્રિટીકલ થિંકીંગ, પ્રોબ્લેમ સોલ્વીંગ અને ઈફેક્ટિવ કોમ્યુનિકેશન જેવી એબિલિટીઝના એસેસમેન્ટ માટે આ ટેસ્ટ યોજવામાં આવતી હોય છે. સરકારી શાળાઓના વિદ્યાર્થીઓમાં ગ્રેડ એપ્રોપ્રિયેટ લર્નિંગ આઉટ કમ સાથોસાથ લાઇફ એપ્લિકેશન સ્કીલ ડેવલપમેન્ટ તેમજ વાંચન, ગણિત અને વિજ્ઞાનને લગતી એબિલિટીઝનું ઈન્ટરનેશનલ લેવલનું એસેસમેન્ટ થાય તેવા હેતુસર રાજ્યની સરકારી શાળાઓને પણ આ PISAમાં ભાગ લેવા સક્ષ્ય કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રતિબદ્ધ છે. આવનારા સમયમાં ગુજરાતની સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને PISAમાં સહભાગીતા માટે સક્ષમ બનાવવા PISA બેઈઝ્ડ ટેસ્ટ ફોર સ્કૂલ્સ PBTS હવે આવી શાળાઓમાં લેવામાં આવશે.

મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં આ માટેના એગ્રીમેન્ટ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે OECD સાથે કરવાના પરિણામ સ્વરૂપે હવે, રાજ્યની સરકારી શાળાઓમાં PBTSનું આયોજન કરાશે. ગુજરાતમાં આવી PBTSનું આયોજન સરકારી શાળાઓના વિદ્યાર્થીઓના ગ્રેડ એપ્રોપ્રિયેટ લર્નિંગ આઉટ કમ અને લાઇફ એપ્લિકેશન સ્કિલ્સ ઈન્ટરનેશનલ સ્તરના બનાવવામાં મહત્વપૂર્ણ પૂરવાર થશે. OECD જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા સાથે એગ્રીમેન્ટ કરનારા દેશના એક માત્ર રાજ્ય તરીકે ગુજરાતે આ ગૌરવ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં મેળવ્યું છે. આ એગ્રીમેન્ટ પર ગુજરાત સરકાર વતી સમગ્ર શિક્ષાના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. રતનકંવર ગઢવીચારણ અને OECD વતી એન્ડ્રીઆસ સ્લાયશર તેમજ કેવીન ઓ'બ્રિને હસ્તાક્ષર કર્યા હતા અને એગ્રીમેન્ટ એક્સચેન્જ કર્યા હતા.

મહારાષ્ટ્રમાં બિપીન શ્રીમાળીને અધિક મુખ્ય સચિવ પદે બઢતી સહિત પ્રમોશન

ગાંધીનગર, તા.૪

હાલ મહારાષ્ટ્ર સરકારમાં ફરજ બજાવતાં ૧૯૯૨ બેન્ચના સનદી અધિકારી બિપીન શ્રીમાળી (આઈએએસ)ને મહારાષ્ટ્ર સરકાર દ્વારા અધિક મુખ્ય સચિવ પદે બઢતી સહિત પ્રમોશન આપવામાં આવેલ છે. બિપીન શ્રીમાળી મહારાષ્ટ્ર રાજયમાં વિવિધ પદે કાર્યરત રહયા છે જેમાં મુખ્યત્વે બીડ જિલ્લામાં પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી, નંદુરબાર જિલ્લામાં કલેકટર તથા મહારાષ્ટ્ર હાઉસીંગ એન્ડ એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટીના મુખ્ય અધિકારીની ફરજ ઉપરાંત ૨૦૧૦-૨૦૧૪ દરમિયાન મહારાષ્ટ્ર રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર તરીકે તથા બાંદ્રા વરલી સી લિંક પ્રોજેકટમાં મહત્વની કામગીરી બજાવી ચુકયા છે. ૨૦૧૪થી ૨૦૧૯ દરમ્યાન મહા ટ્રાન્સકો અને મહારાષ્ટ્ર પાવર જનરેશન કોર્પોરેશનના ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર તેમજ સરકારના ઉર્જા વિભાગના અગ્ર સચિવ તરીકે ફરજ ઉપર હતા ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં અમેરીકાની કેલીફોર્નિયા યુનિ.માં લોરેન્સ બર્કલી એનર્જી લેબ ખાતે એક માસ માટે સોલાર પાવર અને બેટરી સ્ટોરેજ સોલ્યુશન પર ઉચ્ચ અભ્યાસ અર્થે હતા.

બિપીન શ્રીમાળી મુળ આણંદ જિલ્લાના પંડોળી ગામના વતની હોઈ વર્ષ ૨૦૦૧ના કચ્છના ભૂકંપ બાદ ખાસ ફરજ પરના અધિકારી તરીકે ભુજમાં રહીને ભૂકંપ પૂનર્વસન કામગીરી ઉપરાંત ગુજરાત સરકારમાં ડેપ્યુટેશન પર રહીને માહિતી નિયામક અને મનોરંજન કર કમિશનર તેમજ જુનાગઢ જિલ્લામાં કલેકટર તેમજ મ્યુનિ.કમિશનરની ફરજ બજાવી હતી. મહારાષ્ટ્ર રાજયના મહામહિમ રાજયપાલ દ્વારા તેઓનું વર્ષ ૨૦૨૧માં સરકારી સેવા કેટેગરીમાં ઉત્કૃષ્ઠ સેવા અને યોગદાનની કદરરૂપે સન્માન કરવામાં આવ્યું હતું. હાલમાં તેઓ અધિક મુખ્ય સચિવ પદ પર રિન્યુએબલ એનર્જી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી પ્રોજેકટસના અમલીકરણમાં કાર્યરત મહાપ્રિત કંપનીના મેનેજીંગ ડીરેકટર તથા એમપીબીસીડી કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર તરીકે ફરજ પર છે.

કાલુપુર રેલવે સ્ટેશનનું રિડેવલપમેન્ટ એપ્રિલના અંતમાં શરુ થવાની સંભાવના

અન્ય ૮૭ના પણ પુનર્વિકાસ કરાશે : ડાકોર, દ્વારકા, અંબાજી, જામનગર, ભાવનગર અને મહેમદાવાદ સ્ટેશનને પણ રિડેલપ કરવામાં આવશે

અમદાવાદ, તા.૪

ભારતીય રેલવેએ અમદાવાદના છ સહિત રાજ્યમાં ૮૭ સ્ટેશનોનો પુનર્વિકાસનું કામ હાથ ધર્યું છે. અમદાવાદ જંક્શન (કાલુપુર) સ્ટેશનનો પુનર્વિકાસ એપ્રિલના અંતમાં શરુ થવાની સંભાવના છે. અન્ય પાંચ સ્ટેશનો સાબરમતી, ગાંધીગ્રામ, મણિનગર, ચાંદલોડિયા અને અસારવા રિડેવલપ કરવાના છે. અમદાવાદ સ્ટેશન માટેનું ટેન્ડર પહેલેથી જ બહાર પાડવામાં આવ્યું છે અને ૨૦ ફેબ્રુઆરીએ કોન્ટ્રાક્ટરને ફાઈનલ કરવામાં આવશે. રેલવે મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પુનર્વિકાસ હેઠળના અન્ય સ્ટેશનોમાં ડાકોર, દ્વારકા, અંબાજી, જામનગર, ભાવનગર અને મહેમદાવાદ છે. ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં વૈષ્ણવે જાહેરાત કરી હતી કે કાલુપુર રેલવે સ્ટેશનનો પુનર્વિકાસ કરવામાં આવશે અને તેની ડિઝાઈન મોઢેરાના સૂર્ય મંદિરની થીમ આધારિત હશે. અમદાવાદ સ્ટેશન વિશે એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજરે અનંત કુમારે જણાવ્યું હતું કે, અમદાવાદ સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે રુપિયા ૨૩૭૧ કરોડનો ખર્ચ થશે. તેમણે કહ્યું કે, અમદાવાદ સ્ટેશન પર આવેલી ઓફિસોને અન્ય જગ્યાએ ખસેડવામાં આવશે.

મિનિસ્ટરે વધુમાં જણાવ્યું હતું કે, પહેલી ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવેલા બજેટમાં ગુજરાતમાં રેલવે અને તેના ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટેનો ખર્ચ વધારીને રુપિયા ૮૩૩૨ કરોડ કરવામાં આવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, આ ફાળવણી ૨૦૦૯-૨૦૧૪ વચ્ચે માત્ર રુપિયા ૫૮૯ કરોડ હતી. તેમણે કહ્યું કે, ૩૬૪૩૭ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે અને લોકસભાની મંજૂરી બાદ તેની વિગતો જાહેર કરવામાં આવશે. અંબાજી-મહેસાણા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ ગુજરાત માટે મહત્વનો છે અને અગ્રતાના ધોરણે કામ હાથ ધરવામાં આવ્યું છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, બુલેટ ટ્રેનનો રોલિંગ સ્ટોક ટૂંક સમયમાં મૂકવામાં આવશે. જેથી ૨૦૨૬ પહેલાં તેને લોકો માટે ખુલ્લી મૂકી શકાય. આ પ્રોજેક્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય એવી આશા છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનું ૧૪૦ કિમીના અંતરનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને મહારાષ્ટ્રમાં આ વર્ષે ઝડપથી કામ હાથ ધરવામાં આવશે.

શિક્ષણ બોર્ડની બેઠકમાં લેવાયો મોટો નિર્ણય

ધો.૯થી૧૨ના કોમ્પ્યુટર વિષયની ફીમાં વધારો કરાયો

કમ્પ્યુટર વિષયની ફી ૩. ૧૫૦ વસુલાશે, હવેથી કોમ્પ્યુટર વિષયની વાર્ષિક ફી ૩. ૬૦૦ની બદલે ૧૮૦૦ ભરવી પડશે

ગાંધીનગર,તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આજે મળેલી સામાન્ય સભામાં ૧૫ પ્રસ્તાવ પૈકી એક માત્ર પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો છે. એ પ્રસ્તાવ છે કે વિદ્યાર્થીઓ માટેની આચારસંહિતા, આદર્શ નાગરિક બનવા માટે આદર્શ વિદ્યાર્થી બનાવવાનો પ્રસ્તાવ બોર્ડની બેઠકમાં મંજુર થયો. ધોરણ ૯ થી ૧૨માં વિદ્યાર્થીઓ માટે આ પ્રસ્તાવ લાગુ રહેશે. વિદ્યાર્થીઓની હાજરી, અભ્યાસ, ગૃહકાર્ય, શિસ્ત અને શૈક્ષણિક વિકાસને આવરી લેવાશે. ગુજરાતી માટેના કાર્યોમાં શૈક્ષણિક ઉચ્ચતિ માટેના કાર્યોમાં સક્રિય રીતે વિદ્યાર્થી ભાગ લે આ પ્રકારની આચારસંહિતા બનાવાય. તો બહુચર્ચિત એવો શિક્ષકો અને અન્ય સ્ટાફે શાળામાં ભારતીય સંસ્કૃતિ મુજબ કપડા પહેરવાના પ્રસ્તાવને અસ્વીકાર કરવામાં આવ્યો છે અને આ બાબતે જે તે શાળા નિર્ણય કરે તેવું બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આવનારા વર્ષ માટે બજેટ રજુ કરાયું હતું. રૂપિયા ૧ અબજ ૮૬ કરોડ ૧૮ લાખ ૫૨ હજાર (૧૮૬ કરોડ) કરાયું. બોર્ડની બેઠકે બજેટને બહાલી આપી. કમ્પ્યુટર વિષયની ફી વધારવાના પ્રસ્તાવને ચર્ચા બાદ હવે ફી રૂપિયા ૧૫૦ કરવામાં આવી હતી. પ્રસ્તાવ રૂ. ૪૦૦ કરવાનો હતો. હાલ કમ્પ્યુટર વિષયની ફી રૂ. ૫૦ વસૂલાય છે જે હવેથી રૂ. ૧૫૦ કરાઈ છે. ધો. ૯થી૧૨ના કોમ્પ્યુટર વિષયની ફીમાં વધારો કરાયો છે. કમ્પ્યુટર વિષયની ફી રૂ. ૫૦થી વધારી રૂ. ૧૫૦ કરાઈ છે. આજે મળેલી બોર્ડની સામાન્ય સભામાં ફી વધારો કરાયો છે. ૨૪ વર્ષ બાદ કોમ્પ્યુટર વિષયની ફી વધારવામાં આવી છે. લાઈટબીલ અને અન્ય વસ્તુઓ વધુ થતાં ફી વધારો કરવામાં આવ્યો છે. હવેથી શાળાઓ કમ્પ્યુટર વિષયની ફી રૂ. ૧૫૦ વસુલશે. હવેથી કોમ્પ્યુટર વિષયની વાર્ષિક ફી રૂ. ૬૦૦ની બદલે ૧૮૦૦ ભરવી પડશે.

વિવિધ માંગણીઓને લઈને હોસ્પિટલ એન્ડ નર્સિંગ હોમ એસોસિએશન દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી.

અમેરિકા નિવાસી લેખિકા સુચિ વ્યાસનાં પુસ્તકનો લોકાર્પણ સમારંભ

ગાંધીનગર, તા.૪

તા.૫મીએ સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદના ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સભાખંડમાં અમેરિકા નિવાસી લેખિકા સુચી વ્યાસનાં પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. કાર્યક્રમમાં સુષમા દોશી મહેમાનું સ્વાગત કરશે તો ડો.પ્રીતિ શાહ, નવલકથાકાર મધુરાય, વાર્તાકાર અને ઉદ્યોગપતિ રાહુલ શુકલ તથા કવયિત્રી ઉષા ઉપાધ્યાય વકતવ્ય આપશે. મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન અભ્યાસી ડો.બળવંત જાનીના હસ્તે પુસ્તકનું લોકાર્પણ કરાશે. અમેરીકામાં દાયકા સુધી ડ્રગ એડીકટ દર્દીઓની સેવા કરનાર ગુજરાતથી આવનાર સાહિત્યકારો-કલાકારો માટે હંમેશા મદદરૂપ થતાં સુચિ વ્યાસના આવો આવો.. પુસ્તકના રેખાચિત્રોનું ગુજરાતી કલાકારો ઉત્કર્ષ મઝુમદાર અને મીનળ પટેલ વાચિકમ્ કરશે. કાર્યક્રમનું સંચાલન કવયિત્રી ગોપાલી બુચ કરશે તો ગુર્જરી પ્રકાશન અમેરિકાના પ્રકાશક કિશોરભાઈ દેસાઈએ આ પ્રસંગે વીડીયો દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો છે. રસ ધરાવતાં સૌને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

મોરબી બ્રિજ દુર્ઘટનામાં જયસુખ પટેલને આઠમી સુધીના રિમાન્ડ

કોર્ટે સાત આરોપીઓની જામીન અરજી ફગાવી દીધી

અમદાવાદ, તા.૪

મોરબી બ્રિજ અકસ્માતમાં આજે ૭ આરોપીઓએ કરેલી જામીન અરજી કોર્ટે નામંજૂર કરી દીધી છે. જોકે અગાઉ ઝડપાયેલા ૯ પૈકી ૭ આરોપીઓએ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આ અરજી પર આજે કોર્ટમાં દલીલો થઈ હતી.

આ અગાઉ પોલીસે જયસુખ પટેલને કોર્ટમાં રજૂ કરી રીમાન્ડની માંગણી કરી હતી. પોલીસ દ્વારા જયસુખ પટેલના ૧૪ દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા જયસુખ પટેલના ૮ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હાલ જયસુખ પટેલ જેલમાં બંધ છે. ગુજરાત સહિત ભારત અને વિશ્વને હમચાવી નાખનાર મોરબી બ્રિજ તૂટવાની તૂટવાની ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૫૬ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

મોરબી દુર્ઘટનામાં ઓરેવા કંપનીના માલિક જયસુખ પટેલના સમર્થનમાં અનેક સંસ્થાઓ આવી છે. મોરબી દુર્ઘટનાના આરોપી જયસુખ પટેલને ઉમિયાધામનું સમર્થન મળ્યું છે. સિદસર ઉમિયાધામની જયસુખ પટેલને સમર્થન આપતી એક પત્રિકા સોશિયલ મીડિયામાં વાયરલ ફરી રહી છે.

આ પત્રિકામાં જયસુખ પટેલને સમાજના અગ્રણી ગણવામાં આવ્યા છે. આ ઉપરાંત જયસુખ પટેલ સમાજ સેવાની જવાબદારી નિભાવતા હોવાથી સમર્થન કરાયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તમામ લોકો જયસુખ પટેલને સમર્થન આપે તેવી અપીલ કરવામાં આવી છે.

ગરમીનું પ્રમાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ગાંધીનગર અમદવાદમાં પણ વાદળિયુ વાતાવરણ જોવા મળશે જયારે કેટલાક ભાગોમાં માવઠુ થવાની સંભાવના છે. બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણો ઉભા થવાની સંભાવના છે. આ વખતે ઉનાળામાં અત્યંત આકરી ગરમી પડશે. પુર્વીય પેસિફીક મહસાગરમાં જળવાયુ ગરમ થવાની સંભાવના રહેશે. જેની અસર ભારતીય મોસમ પર પડશે. અલમીનોની સામાન્ય શકયતા જણાંય અલબત્ત ચોમાસામાં અનિયમિત અસર જોવા મળશે. પરંતુ દેશના ઘણાં ભાગોમાં વરસાદ ઓછો હોવાછતા ચોમાસુ સારુ રહ્યુ હોવોનુ અંદાજ છે. ઘણીવાર કયાંક ઓછો વરસાદ તો કયાંક પુર જેવી સ્થિત પણ સર્જાય જેનુ આંકલન શિયાળામાં બનતો વરસાદનો ગર્ભ ઉનાળાની ગરમી હોળીનો પવન ચૈત્ર મહીનામાં વરસાદ ન થવો અને જેઠ મહીનામાં શરૂઆતમાં વરસાદ ન થવો આવી સ્થિતિ હોય તો વરસાદ સારો આવી શકે બંગાળના ઉપસાગરમાં વાવાઝોડાની શકયતા વધુ છે. જેની અસર અરબસાગરમાં પણ થઇ શકે.

રાત્રિ સભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ પંચાયતનું મકાન જર્જરિત થયુ છે તો નવુ મકાન બનાવવા માટે રજુઆત કરી હતી.

જિલ્લા કલેક્ટરે માર્ગદર્શન આપાતાં જણાવ્યુ હતુ કે પંચાયતના નવા મકાનના નિર્માણ માટે પંચાયતે પ્રસ્તાવ પસાર કરી તાલુકા પંચાયતને મોકલી આપવો જોઈએ જેથી આગળની કાર્યવાહી તાલુકા પંચાયત દ્વારા થઈ શકે. જિલ્લા કલેક્ટરે સરકારની વિવિધ યોજનાકીય સેવાઓનો લાભ ગ્રામજનો વધુ મેળવે તેમ જણાવી કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી તેમજ તે અંગેના પ્રશ્નો માટે જે તે અધિકારીઓનો સંપર્ક કરવા કહ્યુ હતુ. કલેક્ટર પ્રવિણા ડી.કે.એ મહેસુલી વેરાની નબળી વસુલાત અંગે નારાજગી વ્યક્ત કરી હતી કે ઐતિહાસિક વારસો ધરાવતતા ગામમાં આવી નબળી વસુલાત એ સારી બાબત કહી શકાય નહિ. ૧૦ ટકાથી પણ ઓછી વસુલાત મહેસુલી વેરામાં થઈ છે તેમાં વધારો થાય તે માટે આજથી રોડમેપ તૈયાર કરી અને અમલવારી કરવા જણાવ્યુ હતુ.

આ રાત્રિસભામાં મામલતદાર હરેશ પટેલ, તાલુકા વિકાસ અધિકારી વિનોદ જોશી તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રહીશો તોબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોના કમ્પાઉન્ડમાં લાઈન તુટેલી હોવાના લીધે પાણીના ફુવારા ઉડતા રહીશો પરેશાન છે. આ સમસ્યાનો ત્વરિત નિકાલ લાવવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. આદર્શ નગર સોસોયટી બ્લોક નં ૬૪૩ માં પણ છેલ્લા બે દિવસથી પાણી આવતુ નથી પાણીની સમસ્યાનો નિકાલ કરવા માટે પણ સ્થાનિકોએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે. જયારે પાણી કે ગટરની લાઈનના ખોદકામ દરમિયાન આ પ્રકારની હેરાનગતિ રહીશોએ વેઠવી ન પડે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ વ્યકત કરી છે. સોસાયટીમાં ખોદકામના અંતે માટી પુરાણ કરવામાં આવ્યુ છે પરંતુ ખાડા ટેકરાની સ્થિતિ વચ્ચે વાહનચાલકોએ પણ હાલાકી વેઠવી પડે છે.

જંત્રી બમણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧(૪) મુજબ તા.૦૧/૦૪/૨૦૨૨ની સ્થિતિએ બહાર પાડવાના મિલકતના વાર્ષિક પત્રક (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ) ના ભાવો બહાર પાડી શકાયેલ ન હોવાથી જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ - ૨૦૧૧ ના ભાવોમાં વધારો કરવો યોગ્ય જણાય છે.

સરકાર દ્વારા પુચ્ચ વિચારમાને અંતે રાજ્યમાં ૧૮ એપ્રિલ ૨૦૧૧થી નક્કી કરેલા દરો તા. ૦૫-૦૨-૨૦૨૩થી બે ગણી કરવાનું ઠરાવવામાં આવ્યું છે. દાત. ૧૮-૦૪-૨૦૧૧થી નક્કી કરેલી જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ)-૨૦૧૧માં મિલકતના દર પ્રતિ ચો.મી.ના રૂપિયા ૧૦૦/- નક્કી થયેલ હોય ત્યાં બે ગણા એટલે કે રૂપિયા ૨૦૦/- દર ગણવાનો રહેશે.

(૧) સરકાર દ્વારા પુચ્ચ વિચારણાને અંતે રાજયમાં તા.૧૮/૦૪/૨૦૧૧થી નકકી કરેલ દરો તા ૦૫/૦૨૨૦૨૩ થી બે ગણા કરવાનું આથી ઠરાવવામાં આવ્યું છે.

(૨) રાજયમાં તા.૧૮/૦૪/૨૦૧૧ થી અમલી જંત્રી-૨૦૧૧ ના અમલીકરણ માટેના માર્ગદર્શનો (ગાઈડ લાઈન્સ બહાર પાડવામાં આવેલી છે. જે આથી રદ કરી તેના બદલે આ સાથે સામેલ નવેસરથી બહાર પાડેલ માર્ગદર્શનો (ગાઈડ લાઈન્સ) અમલમાં મુકવામાં આવે છે. તા.૩૧/૦૩/૨૦૧૧ના ઠરાવમાં જણાવેલ અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(૩) તા.૦૫/૦૨/૨૦૨૩ કે તે પછી સહી થયેલ નોંધણી અર્થે રજૂ થતાં લેખોમાં સ્થાવર મિલકતની બજારકિંમત નક્કી કરતાં તા.૧૮/૦૪/૨૦૧૧ થી અમલી જંત્રી (એન્યુઅલ સ્ટેટમેન્ટ ઓફ રેટસ -૨૦૧૧ માં નક્કી થયેલ દરના બે ગણા કરી સ્થાવર મિલકતની બજારકિંમત નક્કી કરવાની રહેશે.

(૪) નોંધણી અર્થે રજૂ થતાં લેખોમાં જયાં જરૂર જણાય ત્યાં સ્થાવર મિલકતની બજારકિંમત નકકી કરવા અંગેની કાર્યપધ્ધતિ અંગે વિગતવાર સૂચનાઓ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષક ગુજરાત રાજ્ય, ગાંધીનગરે બહાર પાડવાની રહેશે.

(૫) આ ઠરાવની અમલવારી સંદર્ભે જો કોઇ અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે બાબતે આખરી સત્તા સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષક ગુજરાત રાજ્યને રહેશે.

નાળામાં પડ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. હિમાચલ પ્રદેશના ચંબામાં ચૌલી નાળા પર બનેલો વેલી બ્રિજ અચાનક તૂટી પડ્યો હતો. બે ટ્રક અને એક કાર બ્રિજ સહિત નાળામાં જઈને પડ્યા હતા. આ દુર્ઘટનામાં એક યુવકનું મોત નીપ્યું હતું. બનાવના પગલે તંત્ર દ્વારા રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નાળામાં પડ્યા બાદ ઈજાગ્રસ્તોને ભારે જહેમત બાદ વાહનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને પછી તેઓને નજીકના સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર કે જે હોલીમાં આવેલું છે ત્યાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. એ પછી પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેઓને ચંબાની મેડિકલ કૉલેજમાં ખસેડવામાં આવ્યા હતા. તો મૃતક યુવકની ઓળખ ૨૮ વર્ષીય સુભાષ ચંદ્ર તરીકે થઈછે. જે ચંદ ગામમાં રહેતો હતો. આ બ્રિજ તૂટી પડતાં નવ પંચાયતોની ૨૫ હજારની વસતીનો સંપર્ક તૂટી ગયો છે અને ચંબા સાથેનો સંપર્ક પણ તૂટી ગયો છે. ભરમૌર-પાંગીના ધારાસભ્યએ ચંબાના ડેપ્યુટી કમિશનરને કંપની મેનેજમેન્ટ અને લોનિવીની બેદરકારીના કારણે ફરિયાદ નોંધાવવાની વાત કરી છે. શુક્રવારે મોડી સાંજે કંપની મેનેજમેન્ટની ગાડીઓ એડિટ થ્રીથી કાટમાળ ભરીને ચૌલી પુલ પર થઈ કુઠેડ સ્થિત ડેમ સાઈટમાં ક્રશર પ્લાન્ટની તરફ આવી રહી હતી. ચૌલી નાળા પર વચ્ચોવચ પહોંચ્યા બાદ બ્રિજ તૂટી પડ્યો હતો.

હિંમતનગર-અમદાવાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં દંપતિનું મોત થયું

સાબરકાંઠા,તા.૪

રાજયમાં દરરોજ અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. પ્રાંતિજના ઓરાણ પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક સવાર પ્રાંતિજના વડવાસાના દંપતીને અકસ્માત નડ્યો હતો. કાર ચાલકે બાઈકને હડફેટે લેતા બાઈક સવાર દંપતી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હતું. દંપતીને સારવાર અર્થે ખસેડવામા આવ્યા અને સારવાર દરમિયાન દંપતિનું મોત થયું હતું. કાર અને બાઈક વચ્ચેના આ ગમખ્વાર અકસ્માતમાં દંપતિનું મોત થતા ચકચાર મચી ગઈ છે.

કાળા કાચ ધરાવતા વાહન ચાલકો સામે લાલ આંખ

મહેસાણા,તા.૪

મહેસાણા જિલ્લામાં આવેલા કડી, નંદાસણ, બાવલુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન બ્લેક ફિલ્મ લાગેવી જે ફરતા વાહન ચાલકો સામે સ્થાનિક પોલીસે કાર્યવાહી કરી દંડ ફટકાર્યો તેમજ રોડ પરજ ગાડીઓના કાળા કાચ ઉતારી કાર્યવાહી કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લા પોલીસ વડાએ થોડા દિવસ અગાઉ પોલીસ કર્મીઓની ખાનગી ગાડીઓમાં લાગેલા બ્લેક ફિલ્મ ઉતારી હતી.

કાઈમ બ્રાન્ચે સૌથી મોટા સટ્ટાનો પર્દાફાશ કર્યો

ક્રિકેટ પર સટ્ટા મામલે રાજકોટના બે શખ્સો સામે લૂકઆઉટ નોટિસ

સટ્ટા માટે હવાલા અને બેનામી બેંક એકાઉન્ટની ડિટેઈલ મળી, આ બેંક એકાઉન્ટ દુબઈ હોવાનું જણાવાઈ રહ્યું છે

અમદાવાદ, તા.૪

રાજ્યમાં ક્રિકેટ પર સટ્ટો રમાડવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા હોય છે. રાજ્યના નાના મોટા અનેક શહેરોમાં ક્રિકેટનો સટ્ટાઓ બજાર ચાલે છે. આજે કાઈમ બ્રાન્ચે રાજ્યમાં ચાલતા સૌથી મોટા સટ્ટાનો પર્દાફાશ કર્યો છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્યના સૌથી મોટા સટ્ટાના હિસાબ અમદાવાદ કાઈમ બ્રાન્ચને મળ્યા છે. આ મામલે રાજકોટના બે શખ્સો વિરુદ્ધ લૂકઆઉટ નોટિસ તૈયારી કરવામાં આવી છે. આ બંને શખ્સો રાજકોટના હોવાના અહેવાલો મળી રહ્યા છે.

કાઈમ બ્રાન્ચ દ્વારા આજે સૌથી મોટા સટ્ટાના હિસાબો મળતા ટીમ આ તરફ વધુ વિગતો એકઠી કરી રહી છે. આ મામલો સામો આવતા જ સટ્ટા બજારમાં ખળભળાટ મચી ગયો હતો.

સુત્રોમાંથી વધુ વિગત મુજબ સટ્ટા માટે હવાલા અને બેનામી બેંક એકાઉન્ટની ડિટેઈલ પણ મળી આવી છે. આ બેંક એકાઉન્ટ દુબઈ હોવાનુ જણાવાઈ રહ્યુ છે. બુકીઓ દ્વારા અહીંથી વિદેશોમાં પૈસા ટ્રાન્સફર કરતા હોવાની વિગતો પણ સામે આવી રહી છે. આજે કાઈમ બ્રાન્ચને અંદાજે ૧૪૦૦ કરોડ કરતા પણ વધારે ક્રિકેટ સટ્ટાના હિસાબ મળ્યા હતા અને આ મામલે રાજકોટના બે નામી બુકી સામે લૂકઆઉટ નોટિસ જાહેર કરી હતી. આ મામલે કાઈમ બ્રાન્ચની ટીમ વધુ તપાસ આગળ કરી રહી છે. ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ક્રિકેટ પર જુદી જુદી રીતે સટ્ટો ચલાવાતો હોય છે. હવે મોબાઈલ પર ઓનલાઈન પણ સટ્ટો રમાડાઈ રહ્યો છે અને રાજ્યમાં સટ્ટો રમાડનાર સટ્ટાબાજો